# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

એચ-31 થી 34 અને એચ-53, ઈ.એસ.આઇ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ,
અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.

ઓઢવ બુલેટીન

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

પરીપત્ર નં.: 04/2023-24
તારીખ : 05/10/2023

BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER



**પ્રમુખ**
શ્રી મુકેશ વેકરીયા
22892302

**સી. ઉપપ્રમુખ**
શ્રી પરેશ પટેલ
22974559

**ઉપપ્રમુખ**
શ્રી દિવ્યેશ લાડવા
22870002

**માનદમંત્રી**
શ્રી રાજેશ પટેલ
22890011

**ખજાનચી**
શ્રી કિરણ પટેલ
9825067399

**સહ માનદમંત્રી**
શ્રી પ્રેરક પટેલ
22970874

**સહ માનદમંત્રી**
શ્રી દર્શન મહેતા
22871924

**સહ ખજાનચી**
શ્રી ધર્મેન્દ્ર પંચાલ
9376198218


## પ્રમુખ સ્થાને....

પ્રિય ઉદ્યોગકાર મિત્રો,

આપ સૌ કુશળ હશો. ગણેશોત્સવના આ પવિત્ર દિવસોમાં મને અને મારી ટીમને ફરી આપની સેવા કરવાનો મોકો આપ્યો તે બદલ આપનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ. આપની સાથેનો સંવાદ ફરી જીવંત કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. આશા રાખુ છું કે આપ સૌના ઉદ્યોગો ઉત્તરોતર પ્રગતિ કરતાં હશે.

સપ્ટેમ્બર-2023 માં ભારતના ઉદ્યોગકારો દ્વારા ૧.૬ લાખ કરોડ જીએસટી (GST) ભરવામાં આવ્યો એ દર્શાવે છે કે આપણાં ઉદ્યોગો ખૂબ સારું કામ કરી રહ્યા છે. આગામી સમયમાં આપણે વિશ્વની ત્રણ આર્થિક મહાસત્તામાં સામેલ થવા માટે ભારતના નેતૃત્વ દ્વારા જે લક્ષ્ય આપવામાં આવેલું છે તેને હાસિલ કરવા આપણે સૌ સાથે મળી પૂરતા પ્રયત્ન કરીશું.

મિત્રો આપસૌ જાણો છો કે, સરકારશ્રી દ્વારા મંજૂર થયેલા પ્રોજેક્ટમાં આપણે CFC BUILDING, નવા રસ્તાઓ, LED સ્ટ્રીટ લાઇટ જેવા ઘણા કામો પૂરા કરી શક્યા છીએ. હવે આપણે સૌ સાથે મળી જીઆઇડીસીની કાયાકલ્પ કરવાની છે. આ ભગીરથ કામમાં આપસૌનો સાથ-સહકાર જરૂરી છે. તમે પણ તમારી કાર્યકુશળતા અને સમયનું યોગદાન આપી આ ટીમનો ભાગ બનો એ માટે હું આપને આમંત્રિત કરુ છું.

મિત્રો સરકારશ્રી દ્વારા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ઘણી સ્કીમો લાગુ કરવામાં આવી રહી છે. આ સ્કીમો આપણાં દરેક ઉદ્યોગકારો સુધી પહોંચે તે માટે અમો સતત પ્રયત્નશીલ રહીશું. આપણી પાસે હવે “કોમન ફેસેલિટી સેન્ટર” (CFC) નું નવું બિલ્ડીંગ પણ છે. સમયાંતરે આપણે સરકારશ્રીની સ્કીમો, ટ્રેનિંગ પ્રોગ્રામ વ્યક્તિત્વ વિકાસ જેવા અનેક મુદ્દાઓ આધારિત કાર્યક્રમ યોજીશું જેની વિગતો ટૂંક સમયમાં આપને જાણ કરવામા આવશે.

મિત્રો વર્તમાન સમય ટેક્નોલોજીનો છે જેનો મહત્તમ ઉપયોગ કરી આપણાં નાણાં તેમજ સમયની બચત થાય તેવા કાર્યો અમલમાં મૂકવામાં આવશે. આગામી થોડા દિવસોમાં આપણો રેગ્યુલર સર્ક્યુલર દરેકને E-MAIL દ્વારા પણ મળશે જેની નોંધ લેવી. હવેથી આપ લાઇટ, પાણી, ગટર કે અન્ય ફરિયાદ આપ વેબસાઇટ દ્વારા ફોટા સાથે નોંધાવી શકશો. જેનાથી આપનો સમય બચશે. ફરિયાદના નિકાલ થયા બાદ આપને e-mail દ્વારા જાણ કરવામાં આવશે.

મને આશા છે કે આ નવી સિસ્ટમ લાગુ કરવામાં આપનો સહકાર મળી રહેશે.

સૌ ઉદ્યોગકારો, આપના પરિવારજનો અને આપના કામદારો સ્વસ્થ રહે, સુખી રહે અને આપણે સૌ સાથે મળીને પ્રગતિના નવા સોપાન સર કરીએ તેવી શુભેચ્છાઓ,.....

**મુકેશ વેકરીયા**
**પ્રમુખશ્રી**
**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન**

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

## વર્ષ 2023-2024 ની નવી કારોબારી કમિટી

| ક્રમ | હોદેદારોના નામ | હોદ્દા | કંપનીનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|
| 1 | શ્રી મુકેશભાઈ વેકરીયા | પ્રમુખશ્રી | જેક્ટેક હાયડ્રોલીક્સ<br>P-433, જીઆઈડીસી, ઓઢવ. | 22892302 |
| 2 | શ્રી પરેશભાઈ પટેલ | સી. ઉપ-પ્રમુખ | પાયોનીયર એન્જીનીયરીંગ સર્વિસીસ<br>P-428/429, જીઆઈડીસી, ઓઢવ. | 22974559 |
| 3 | શ્રી દિવ્યેશભાઈ લાડવા | ઉપ-પ્રમુખશ્રી | ગાત્રાડ કેલ-ટેસ્ટ લેબ. એન્ડ રીસર્ચ પ્રા.લી.<br>P-248, જીઆઈડીસી, ઓઢવ. | 22870002 |
| 4 | શ્રી રાજેશભાઈ પટેલ | માનદમંત્રી | ડાયનેમિક કંટ્રોલ સિસ્ટમ્સ<br>L-535/1, જીઆઈડીસી, ઓઢવ. | 22890011 |
| 5 | શ્રી કિરણભાઈ પટેલ | ખજાનચી | રીયલ કાસ્ટ ફાઉન્ડ્રી પ્રા. લી.<br>P-90+91/2 & 90+91/5, જીઆઈડીસી, ઓઢવ. | 9825067399 |
| 6 | શ્રી પ્રેરકભાઈ પટેલ | સહ-માનદમંત્રી | પટેલ પોલીમર્સ<br>P-439/7, જીઆઈડીસી, ઓઢવ. | 22970874 |
| 7 | શ્રી દર્શનભાઈ મહેતા | સહ-માનદમંત્રી | એમ. એસ. ટીન વર્ક્સ<br>P-246+247, જીઆઈડીસી, ઓઢવ. | 22871924 |
| 8 | શ્રી ધર્મેન્દ્રભાઈ પંચાલ | સહ-ખજાનચી | જે.એમ.પી. પ્રોડક્ટસ<br>L-99, જીઆઈડીસી, ઓઢવ. | 9376198218 |
| 9 | શ્રી નિશાંતભાઈ શાહ | કારોબારી સભ્ય | હીટ ટ્રીટ એન્ટરપ્રાઈઝ<br>P-9+10, જીઆઈડીસી, ઓઢવ. | 22875223 |
| 10 | શ્રી નીરવભાઈ ભાખર | કારોબારી સભ્ય | નવરંગ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ<br>L-77+78, જીઆઈડીસી, ઓઢવ. | 22871136 |
| 11 | શ્રી આલાપભાઈ પટેલ | કારોબારી સભ્ય | અંબિકા એન્જી. એન્ડ વાયર ઈન્ડસ્ટ્રીઝ<br>L-44+45, જીઆઈડીસી, ઓઢવ. | 22871245 |
| 12 | શ્રી નિલેશભાઈ કોઠીયા | કારોબારી સભ્ય | સુપર્બ કેમ. ઈન્ડસ્ટ્રીઝ<br>L-118, જીઆઈડીસી, ઓઢવ. | 22870082 |
| 13 | શ્રી મીતભાઈ પંડ્યા | કારોબારી સભ્ય | નેશનલ પ્રોસેસ પ્રા. લી.<br>P-372+374, જીઆઈડીસી, ઓઢવ. | 22873777 |
| 14 | શ્રી સ્પંદનભાઈ શાહ | તત્કાલીન પૂર્વ પ્રમુખ | મેક-ઓ-કેમ ઈન્ડસ્ટ્રીઝ<br>P-11+15, જીઆઈડીસી, ઓઢવ. | 22870388 |
| 15 | શ્રી કેતનભાઈ માવાણી | કો-ઓપ્ટ. સભ્ય | ફ્લુઈડ પાવર એન્જીનીયરીંગ<br>L-606, જીઆઈડીસી, ઓઢવ. | 22891665 |
| 16 | શ્રી દિલીપભાઈ પટેલ | કો-ઓપ્ટ. સભ્ય | ઓટો પંપ મેનુફેક્ચરીંગ કુ.<br>L-448, જીઆઈડીસી, ઓઢવ. | 22890496 |

| ક્રમ | હોદ્દેદારોના નામ | હોદ્દો | કંપનીનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|
| 17 | શ્રી કિરણભાઈ પટેલ | કો-ઓપ્ટ. સભ્ય | શ્રીજી પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ<br>L-536/1, જીઆઈડીસી, ઓઢવ. | 22893404 |
| 18 | શ્રી રાજેશભાઈ નલીયાધારા | કો-ઓપ્ટ. સભ્ય | પ્રજ્ઞા ઈન્ડસ્ટ્રીઝ<br>P-53/1, જીઆઈડીસી, ઓઢવ. | 9825260754 |
| 19 | શ્રી પ્રદ્યુમનભાઈ વૈષ્ણવ | વિભાગીય પ્રતિનિધિ | અવધેશ ઈન્ડસ્ટ્રીઝ<br>L-177, જીઆઈડીસી, ઓઢવ. | 22872397 |
| 20 | શ્રી ઉત્તમભાઈ પ્રજાપતિ | વિભાગીય પ્રતિનિધિ | ઉત્તમ મેટલ ઈન્ડસ્ટ્રીઝ<br>L-122, જીઆઈડીસી, ઓઢવ. | 22876535 |
| 21 | શ્રી હસમુખભાઈ પટેલ | વિભાગીય પ્રતિનિધિ | ધરતી પેકેજીંગ પ્રા. લી.<br>P-12/11, જીઆઈડીસી, ઓઢવ. | 22877811 |
| 22 | શ્રી નિખીલભાઈ પટેલ | ખાસ આમંત્રિત સભ્ય | ભવાની પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ<br>L-575, જીઆઈડીસી, ઓઢવ. | 22870162 |
| 23 | શ્રી જનકભાઈ પટેલ | ખાસ આમંત્રિત સભ્ય | મોડયુલ એન્જીનીયરીંગ કંપની<br>L-208, જીઆઈડીસી, ઓઢવ. | 22870059 |
| 24 | શ્રી બકુલભાઈ પંડ્યા | ખાસ આમંત્રિત સભ્ય | નેશનલ પ્રોસેસ પ્રા. લી.<br>P-372+374, જીઆઈડીસી, ઓઢવ. | 22873777 |
| 25 | શ્રી સમીરભાઈ શાહ | ખાસ આમંત્રિત સભ્ય | દેવરસન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.<br>P-442, જીઆઈડીસી, ઓઢવ. | 22970176 |
| 26 | શ્રી તારાચંદભાઈ જૈન | ખાસ આમંત્રિત સભ્ય | શ્રી નવકાર મેટલ્સ પ્રા. લી.<br>P-342, જીઆઈડીસી, ઓઢવ. | 22871016 |
| 27 | શ્રી મનુભાઈ પટેલ | PHC - ઈન્ચાર્જ | દીપા પ્રિન્ટર્સ<br>L-148, જીઆઈડીસી, ઓઢવ. | 22875625 |

## સર્વિસ રીક્વેસ્ટ અંગે (ફરિયાદ અંગે)

ઓઢવ ઔધોગિક વિસ્તામાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, કચરો, સાફ-સફાઈ, રોડ-રસ્તા વગેરે બાબતોને લગતી સર્વિસ રીક્વેસ્ટ (ફરિયાદ) હોય તો આપે નીચે આપેલ નંબર અથવા ઈ-મેઈલ ઉપર આપની કંપનીનું નામ, પ્લોટ નંબર, રોડ નંબર, ફરિયાદની વિગત અને જગ્યા, વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર સાથે જે તે ફરિયાદનો ફોટો આપી સર્વિસ રીક્વેસ્ટ નોંધાવી નંબર લેવા વિનંતી. જેથી આપને સર્વિસ આપવામાં સરળતા રહે.

**મોબાઈલ નંબર : 9409367407 અને ફોન નંબર : 079-22871202**

**ઈ-મેઈલ આઈડી : odhaveidl@gmail.com અને oia_odhav@yahoo.com**

સભ્યમિત્રો, આપના એકમનો E-Mail ID કે WhatsApp No. તાત્કાલિક ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસે રજીસ્ટર કરાવશો. જેથી આપના સુધી સમયસર મહત્વની માહિતીઓ મોકલી શકાય. તેમજ કોઈ કારણોસર ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. ધ્વારા પાણી બંધ કરવામાં આવે કે પાણીની લાઈન લીકેજને કારણે પાણી બંધ કરવામાં આવે કે અન્ય કોઈ સમસ્યા હોય ત્યારે તેની જાણ E-Mail ID કે WhatsApp No. ધ્વારા કરી શકાય.

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ નારાયના હોસ્પીટલ, રખિયાલના સહયોગથી ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર (PHC, L-213) માં આપે નીચે મુજબની OPD સુવિધાઓનો લાભ લઈ શકો છો. આપ સર્વે સભ્યમિત્રોને વિનંતી કે, આપની કંપનીમાં કામ કરતાં કામદારભાઈઓને પ્રાથમિક સારવાર કેન્દ્ર વિષે માહિતી આપશો તથા આકસ્મિક સમયે તેનો અવસ્ય લાભ લે તેવી તજવીજ કરશો.

## ઉપલબ્ધ સુવિધાઓ

★ અનુભવી નિષ્ણાત ફીઝીશીયન દ્વારા નિશુલ્ક (મફત) OPD સેવા આપવામાં આવશે.
★ દરેક પ્રકારના તાવનું નિદાન તથા સર્વે કરવામાં આવશે.
★ ઝાડા, ઉલટી, કમળો તથા પેટનાં દર્દ વગેરેની સારવાર કરવામાં આવશે.
★ બી. પી. તપાસવામાં આવશે.
★ ડાયાબીટીસની તપાસ રૂ.20/- (પટ્ટી દીઠ) તપાસ ફી સાથે તપાસવામાં આવશે.
★ ઈજા થયે ધનુરનું ઈન્જેકશન આપવું, શરીર ઉપર ઊંડો ઘા પડે તો ટાંકા લેવા.
★ દર્દીને આંખમાં પથરી (હેમરી) પડે તો કાઢી આપવી.
★ ECG હૃદય પટ્ટી રીપોર્ટ રૂ. 20/- તેમજ ઓક્સીજન કોન્સન્ટ્રેટરની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**તપાસ તેમજ દવાનો ચાર્જ નિશુલ્ક (મફત)**

**સમય**

**સવારે : 10:00 થી 01:00 કલાકે**
**બપોરે : 02:00 થી 05:00 કલાકે**

સોમવાર થી શનિવાર
**રવિવારે રજા રહેશે.**


**ફોન નં. : ૨૨૮૯ ૨૩૭૨**

# ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન
**સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર**
**એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.**
**(PHC - ઈન્ચાર્જ : શ્રી મનુભાઈ પટેલ)**

## લઘુત્તમ વેતન અધિનિયમ 1948 હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત

શ્રમ આયુક્ત, ગાંધીનગર, ગુજરાત રાજ્ય સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.01-10-2023 થી તા.31-03-2024 સુધીના સમય માટે** નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસુચિત વ્યવસાય/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂ. પૈસા) |
|---|---|---|
| 1 | 46 અનુસુચિત વ્યવસાય, શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને ક્લીનીંગ કામની વ્યવસાય (વ્યવસાય) | રૂ. 21.00 |
| 2 | છ અનુસુચિત વ્યવસાય (1. ઈંટ ઉત્પાદન, 2. જરી ઉદ્યોગ, 3. રેડી મેડ ગારમેન્ટ, 4. મીઠા ઉદ્યોગ, 5. તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ તથા 6. કૃષિ વ્યવસાય) | રૂ. 107.00 |




*Save Water - Save lives,*
*No Water - No Life.....*
***please think before you waste water.....***